e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 142
May 09, 2008

## સેન્ટ્રલ ઝોનની કામગીરી



સુરત શહેરના સેન્ટ્રલઝોન વિસ્તારમાં વોર્ડ નં. ૯ નોંધ નં.૧૧૫૮, ૧૧૫૯ વાળી હવાડીયા ચકલા ખાતે આવેલ ભોંયતળીયા ત્રણ માળની મિલ્કતમાં ભોંયતળીયે પાર્કીગની જગ્યામાં ત્રણ દુકાનો બનાવી દેવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોનની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં બુધવારે રાખવામાં આવેલી સફાય ઝુંબેશ વોર્ડ ઉધનાયાર્ડ વિસ્તારનાં આસપાસ સર્કલ થી ગોડાદરા જકાતનાકા મેઈન રોડ, બાબા બૈજનાથ મંદિરથી રણછોડનગર મેઈન રોડ, આસપાસ પોલીસ ચોકી વિગેરે વિસ્તારમાં રાખવામાં આવેલી હતી .

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત રાજય સ્થાપના દિન નિમિતે "ડાયરા"નો કાર્યક્રમ



ગુજરાત રાજય સ્થાપના દિનની ઉજવણી નિમિતે સુરત મહાનગરપાલિકા ધ્વારા ક્રાંતિમેદાન, વરાછાઝોન ઓફિસની સામે, વરાછા રોડ, સુરત ખાતે તા.૧લી મે ૨૦૦૮ના રોજ શ્રી કાંતિભાઈ ચૂડાસમા અને તેના સાથી કલાકારો ધ્વારા "ડાયરા" નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર), ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં સતત ૦૩ દિવસથી ચાલતા રસ્તાની અસર હેઠળ આવતી મિલ્કતોના ડીમોલીશનની કામગીરીના ભાગરૂપે આજરોજ તા.૦૨/૦૫/૨૦૦૮ ના રોજ, ટી.પી. સ્કીમ નં. ૪૬ (જહાંગીરપુરા) માં ૧૫૦' ના સુરત–ઓલપાડ રોડ ઉપર જહાંગીરપુરા જીનથી આગળ શ્રીધર સોસાયટી સામે રસ્તાની અસર હેઠળ આવતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોન (રાંદેર), ની કામગીરી

આજરોજ તા.૦૨/૦૫/૦૮ ના રોજ અત્રેના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) માં સમાવિષ્ટ નવા વિસ્તારો પૈકી મોજે ગોડાદરા, બ્લોક નં. ૧૫,૧૮૪,૧૮૫ માં આવેલ કેશર ભવાની સોસાયટીમાં સુડામાંથી મંજુર કરેલ પ્લાન વિરૂધ્ધ મંજુર પ્લાનમાં દર્શાવેલ સી.ઓ.પી. –A(કોમન ઓપન પ્લોટ) માં મિલકતદાર ધ્વારા કરવામાં આવેલ લીન્ટલ લેવલ સુધીનું ગેરકાયદેસરનું આશરે ૨૦૦,૦૦ ચો.મી. બાંધકામ દુર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા અલથાણ જળવિતરણ મથક, મલ્ટીલેયર ફલાય ઓવર બ્રિજ, શહેરી ગરીબો માટેના આવાસો, સુએઝ પંપીંગ સ્ટેશન – ૪ પ્રકલ્પોની ઉદઘાટન/લોકાર્પણવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા અઠવા ઝોનમાં,અલથાણ જળવિતરણ મથકખાતે ૧૧૨.૫૦ લી. ક્ષમતાની ભૂગર્ભ ટાંકી, સેન્ટ્રલ ઝોનમાં રીંગરોડ પર આયકર ભવનથી કડીવાલા જંકશનને જોડતા મલ્ટીલેયર ફલાય ઓવર બ્રીજ તેમજ રાંદેર ઝોનમાં અડાજણખાતે શહેરી ગરીબો માટેના આવાસોની લોકાર્પણવિધિ તેમજ પીસાદ ખાતે સુએઝ પંમ્પીંગ સ્ટેશનની ઉદ્ઘાટનવિધિ મા.શ્રી શ્રી નિતિનભાઈ પટેલ, મા.મંત્રીશ્રી પાણી પુરવઠા, જળસંપત્તિ (કલ્પસર વિભાગ સિવાય) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ, ગુજરાત રાજયના વરદહસ્તે તા.૦૪–૦૫–૨૦૦૮નાં રોજ સંપન્ન થઈ.

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ અમરોલી –છાપરાભાઠા તથા ડો.શ્યામા પ્રસાદ મુખર્જી લેક ગાર્ડન સામેના વિસ્તારમાં તા.૦૫/૦૫/૨૦૦૮ ના રોજ દબાણ હટાવ ઝુંબેશ તથા તા.૦૬/૦૫/૦૮ ના રોજ ટી.પી. સ્કીમ નં.–૨૪ (ટૂંકી) તથા મોજે છાપરાભાઠા વિસ્તારમાંથી ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની કામગીરી નીચે મુજબ કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પુર્વઝોન (વરાછા )દબાણ તેમજ આરોગ્યલક્ષી કામગીરી

(૧) સરથાણા વિસ્તારમાં સદવિદ્યા સ્કુલનું ત્રીજા માળનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા બાબત.
(૨) પૂર્વઝોન (વરાછા)માં આરોગ્ય ખાતા ધ્વારા સંસ્થાઓ, ખાણીપીણીની લારીઓ, હોટલ/રેસ્ટોરન્ટ, શેરડીના કોલા, પાનના ગલ્લા , ખાદ્ય પદાર્થ વેચતા ફેરિયાઆનું સઘન ચેકીંગ બાબતે.

વધુ માટે કલીક કરો >>>>>>

# સેન્ટ્રલ ઝોનની કામગીરી



સુરત શહેરના સેન્ટ્રલઝોન વિસ્તારમાં વોર્ડ નં. ૯ નોંધ નં.૧૧૫૮, ૧૧૫૯ વાળી હવાડીયા ચકલા ખાતે આવેલ ભોંયતળીયા ત્રણ માળની મિલ્કતમાં ભોંયતળીયે પાર્કીંગની જગ્યામાં ત્રણ દુકાનો બનાવી દેવામાં આવેલ છે. જે ગેરકાયદેસરનું ૩૦૦.૦૦ ચો.ફૂટ બાંધકામ દૂર કરી પાર્કીંગ ખુલ્લુ કરવામાં આવેલ છે. ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી આસી. કમિશનરશ્રીની સુચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ છે.

TOP

## લિંબાયત ઝોનની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં બુધવારે રાખવામાં આવેલી સફાય ઝુંબેશ વોર્ડ ઉધનાયાર્ડ વિસ્તારનાં આસપાસ  સર્કલ થી ગોડાદરા જકાતનાકા મેઈન રોડ, બાબા બૈજનાથ મંદિરથી રણછોડનગર મેઈન રોડ, આસપાસ પોલીસ ચોકી વિગેરે વિસ્તારમાં રાખવામાં આવેલી હતી.

આ ઝુંબેશ કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ આરોગ્ય અધિકારી સીધી દેખરેખ હેઠળ આરોગ્ય અને ઈજનેરી વિભાગના મળી કુલ –૧૫ જેટલા સુપરવાઈઝરી સ્ટાફની સીધી દેખરેખ હેઠળ સફાઈ અભિયાન આદરી ૦૭ ટન કચરાનો નિકાલ કરી જંતુનાશક દવાનો  છંટકાવ કરવામાં આવ્યો . આ કામગીરી દરમ્યાન ગંદકી કરતા ઝડપાયેલા કુલ–૧૮ ઈસમોને નોટીસ આપવામાં આવી, ૧૦ ઈસમો સામે કોર્ટ કેસ કરવામાં આવ્યા તેમજ રૂા. ૭,૦૫૦/– નો વહીવટી ખર્ચની વસુલાત કરી ૦૨ કિલો પ્લાસ્ટીકની થેલી જપ્ત કરી તેમજ ૧૮ કિલો અખાદ્ય પદાર્થનો નાશ કર્યો.

TOP

# ગુજરાત રાજય સ્થાપના દિન નિમિતે ''ડાયરા''નો કાર્યક્રમ





ગુજરાત રાજય સ્થાપના દિનની ઉજવણી નિમિતે સુરત મહાનગરપાલિકા ધ્વારા ક્રાંતિમેદાન, વરાછાઝોન ઓફિસની સામે, વરાછા રોડ, સુરત ખાતે તા.૧લી મે ૨૦૦૮ના રોજ શ્રી કાંતિભાઈ ચૂડાસમા અને તેના સાથી કલાકારો ધ્વારા ''ડાયરા'' નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને શહેરના પ્રથમ નાગરિક મા.મેયર શ્રી ડો . કનુભાઈ માવાણી, ડે. મેયર શ્રમતી કૌશિકાબેન દેસાઈ, સ્થાયી સમિતિના ચેરમેન શ્રી મુકેશભાઈ દલાલ, શાસક પક્ષના નેતાશ્રી ડો. જગદીશભાઈ પટેલ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠિયા, ઉપાધ્યક્ષશ્રી શૈલેષભાઈ જરીવાલાના હસ્તે કલાકારોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. ઉપરોકત મહાનુભાવોના હસ્તે કલાકારોનું ખેસ ધ્વારા સ્વાગત કર્યુ હતું. ત્યાર બાદ શ્રી કાંતિભાઈ ચૂડાસમાના ''ડાયરા'' ના કલાકારોએ વિવિધ ગીતોની સુંદર રજુઆત કરી હતી . આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, જુદી જુદી સમિતિના અધ્યક્ષશ્રીઓ, સામાજીક સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, પ્રજાજનો મોટી સંખ્યામાં હાજર રહી ડાયરાનો રસાસ્વાદ માણ્યો હતો.

TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર), ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં સતત ૦૩ દિવસથી ચાલતા રસ્તાની અસર હેઠળ આવતી મિલ્કતોના ડીમોલીશનની કામગીરીના ભાગરૂપે આજરોજ તા.૦૨/૦૫/૨૦૦૮ ના રોજ, ટી.પી. સ્કીમ નં. ૪૬ (જહાંગીરપુરા) માં ૧૫૦' ના સુરત–ઓલપાડ રોડ ઉપર જહાંગીરપુરા જીનથી આગળ શ્રીધર સોસાયટી સામે રસ્તાની અસર હેઠળ આવતા કુલ–૧૦ કાચા/પાકા મકાનો તથા અન્ય –૦૧ મિલ્કતની કંપાઉન્ડ વોલ દુર કરી આશરે કુલ –૨૬૦૦ ચોરસ ફુટ જગ્યા ખુલ્લી કરી કબજો મેળવવામાં આવેલ છે. આથી સુરત–ઓલપાડ રોડના ઉપરોકત ભાગમાં ટ્રાફીકની વધારે સરળતાથી અવરજવર થઈ શકશે. તથા જહાંગીપુરા જંકશન પર વર્ષો જુની આવેલ પોલીસ ચોકી કે જે સૂચિત બ્રીજમાં નડતરરૂપ હોય તથા રસ્તાની અસર હેઠળ આવતી હોય, અત્રે કચેરી ધ્વારા પોલીસ વિભાગને સદરહું પોલીસ ચોકીનો કબ્જો ખાલી કરવા જણાવેલ . જેના અનુસંધાને પોલીસ વિભાગ ધ્વારા આ ચોકીનો કબ્જો ખાલી કરતાં આજરોજ તા.૦૨/૦૫/૦૮ ના રોજ સદર મિલ્કત તોડી પાડવામાં આવેલ છે.

વધુમાં, હનુમાન ટેકરી થી જહાંગીરપુરા પોલીસ ચોકી તરફ જતાં રસ્તા ઉપર આવેલ સલીમાબાદ સોસાયટીની કંપાઉન્ડ વોલ આશરે ૨૨૫ ચોરસ મીટર દુર કરી ૬૫૦ ચો.ફુટના માપ વિસ્તામાં જગ્યા ખુલ્લી કરેલ છે. જેનાથી આ રસ્તા ઉપર વાહન વ્યવહાર સરળતાથી પસાર થઈ શકશે.

ઉપરોકત કામગીરી ઝોનલ ચીફશ્રીના સૂચનાથી અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ વેસ્ટ ઝોનના શહેર વિકાસ /દબાણ વિભાગ ધ્વારા કરવામાં આવેલ.

TOP

## લિંબાયત ઝોન (રાંદેર), ની કામગીરી

આજરોજ તા.૦૨/૦૫/૦૮ ના રોજ અત્રેના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) માં સમાવિષ્ટ નવા વિસ્તારો પૈકી મોજે ગોડાદરા, બ્લોક નં. ૧૫,૧૮૪,૧૮૫ માં આવેલ કેશર ભવાની સોસાયટીમાં સુડામાંથી મંજુર કરેલ પ્લાન વિરૂધ્ધ મંજુર પ્લાનમાં દર્શાવેલ સી.ઓ.પી. –A(કોમન ઓપન પ્લોટ) માં મિલકતદાર ધ્વારા કરવામાં આવેલ લીન્ટલ લેવલ સુધીનું ગેરકાયદેસરનું આશરે ૨૦૦,૦૦ ચો.મી. બાંધકામ દુર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

વધુમાં નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકી મોજે ડીડોલી, બ્લોક નં. ૨૯૨ પૈકી માંથી પસાર થતાં ટી.પી. રોડ પૈકીની જગ્યામાં કરવામાંઆવેલ ગ્રાઉન્ડ ફલોરનું સિમેન્ટનાં પતરાવાળું આશરે ૪૫.૦૦ ચો.મી. નું ગેરકાયદેસરનું બાંધકામ કાયદેસરની કાર્યવાહી કરી ડીમોલીશન કરી રોડની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

TOP

# સુરત મહાનગરપાલિકા દ્વારા અલથાણ જળવિતરણ મથક, મલ્ટીલેયર ફલાય ઓવર બ્રિજ, શહેરી ગરીબો માટેના આવાસો, સુએઝ પંપીંગ સ્ટેશન – ૪ પ્રકલ્પોની ઉદઘાટન/લોકાર્પણવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા અઠવા ઝોનમાં,અલથાણ જળવિતરણ મથકખાતે ૧૧૨.૫૦ લી. ક્ષમતાની ભૂગર્ભ ટાંકી, સેન્ટ્રલ ઝોનમાં રીંગરોડ પર આયકર ભવનથી કડીવાલા જંકશનને જોડતા મલ્ટીલેયર ફલાય ઓવર બ્રીજ તેમજ રાંદેર ઝોનમાં અડાજણખાતે શહેરી ગરીબો માટેના આવાસોની લોકાર્પણવિધિ તેમજ પીસાદ ખાતે સુએઝ પંમ્પીંગ સ્ટેશનની ઉદ્ઘાટનવિધિ મા.શ્રી શ્રી નિતિનભાઈ પટેલ, મા.મંત્રીશ્રી પાણી પુરવઠા, જળસંપત્તિ (કલ્પસર વિભાગ સિવાય) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ, ગુજરાત રાજયના વરદહસ્તે તા.૦૪–૦૫–૨૦૦૮નાં રોજ સંપન્ન થઈ. આ પ્રસંગે મા. મેયર ડો.કનુભાઈ જી. માવાણી, અતિથિવિશેષશ્રીઓ ડે. મેયર શ્રીમતિ કૌશિકાબેન પી. દેસાઈ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસક પક્ષના નેતા ડો.જગદીશભાઈ પટેલ, મા. શ્રી નિતિનભાઈ પટેલ, મા.મંત્રીશ્રી પાણી પુરવઠા, જળસંપત્તિ (કલ્પસર વિભાગ સિવાય) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ, ગુજરાત રાજય ધ્વારા સવારે ૧૦.૦૦ કલાકે રૂા.૧૨૫.૫૧ લાખના ખર્ચે નિર્મિત અલથાણ જળવિતરણ મથક ખાતે ૧૧૨.૫૦ લાખ લીટર ક્ષમતાની ભૂગર્ભ ટાંકીની ઉદઘાટનવિધિ કરી હતી. આ વિસ્તારની વધતી જતી વસ્તીને કારણે પાણી પુરવઠાની માંગમા સતત વધારો થતો રહયો છે. જેની સામે હાલમાં અલથાણ જળ વિતરણ મથકની ૧૧૨.૫૦ લાખ લીટર ક્ષમતાની છે. પાણીની માંગને પહોંચી વળવા વધારાની ૧૧૨.૫૦ લાખ લીટર ક્ષમતાની ભૂગર્ભ ટાંકી બાંધવામાં આવેલ છે. જેના પરિણામે આ વિસ્તારની ૨ લાખ જેટલી વસ્તીને લાભ થશે. તેમજ ઓછા પ્રેશર અંગેની ફરિયાદનો નિકાલ થશે. સદરહુ ભૂર્ગભ ટાંકી ૬૪.૮ × ૪૩.૨ મીટર તેમજ ઉંડાઈ ૫ મીટર છે.



ગુજરાત રાજયમાં પ્રથમ મલ્ટી લેવલ ફલાય ઓવર બ્રિજ રીંગરોડ ઉપર આયકર ભવનથી કડીવાલા જંકશનને જોડતા રૂા.૮૭૫/– લાખના ખર્ચે, ૮૫૫.૭૦મીટર (એપ્રોચ સહિત ૯૪૭.૭૦ મીટર)ની લંબાઈ ધરાવતો ૭.૫૦ મીટર ( ૨ લેન) મલ્ટીલેયર ફલાય ઓવર બ્રિજ વન–વેની લોકાર્પિત થયેલ જેના થકી ઘોડદોડ રોડ, ભટાર, ઉધના મગદલ્લા રોડ પરથી સ્ટેશન તરફની સીગ્નલ ફ્રી મુસાફરી માટેનુ વધુ એક મહત્વનું યોગદાન પ્રદાન થશે. આ ફલાયઓવર બનવાથી મુસાફરીના સમયમાં તથા ઈંધણ વપરાશમાં ઘટાડો થશે અને પ્રદુષણની માત્રામાં પણ ઘટાડો થશે. વધુમાં આ રીંગરોડ પર આવેલ અનેક નાના–મોટા વ્યાપારી સંકુલ અને ટેક્ષટાઈલ માર્કેટમાં દૈનિક અવર–જવર કરતાં તેમજ આ રીંગરોડ પરથી રેલ્વે/બસ સ્ટેશન, ગોલ્ડન કોરીડોર તરફ આવતાં–જતાં વાહનો, રીંગરોડ પરનાં જે તે સ્થળોથી સીધા નજીકનાં જંકશન પરથી ફલાય ઓવરનો ઉપયોગ કરી શકશે. આ ફલાયઓવર બ્રીજ બનવાથી ટ્રાફિક સમસ્યાનો પ્રશ્ન તો હલ થશે જ સાથે સાથે શહેરની શોભામાં અભિવૃધ્ધિ થશે જેથી મહાનગરપાલિકાની યશકલગીમાં વધુ એક સોનેરી પીચ્છ આજ રોજ ઉમેરાયુ છે.

અડાજણ ખાતે ડી.પી.આર—૧, પેકેજ—૬, ૧૯૨ શહેરી ગરીબો માટેના આવાસો લોકાર્પિત થયેલ. આવાસોનો પ્લોટ વિસ્તાર ૪૧૧૭ ચો. મીટર, આર. સી. સી. ફ્રેમ સ્ટ્રકચરના ગ્રાઉન્ડ સાથે ત્રણ માળના મકાનો ૮ બિલ્ડીંગોમાં નિર્મિત થયા છે. પ્રતિ બિલ્ડીંગમાં ૨૪ આવાસો ૧ રૂમ—રસોડુ, સંડાસ, ચોકડી, આંતરિક સુવિધામાં ડ્રેનેજ—પાણીની લાઈન, આંતરિક વિજળીકરણ, આવાસદિઠ ૮૦૦૦ લીટરની અંડરગ્રાઉન્ડ આર.સી.સી. ટાંકી તથા ૬૦૦૦ લીટરની ઓવરહેડ પી.વી.સી.ટાંકી તેમજ બાહય સુવિધામાં ઘન કચરાનો નિકાલ, રસ્તા, સ્ટ્રીટ લાઈટ વિગેરે સહિત પ્રત્યેક આવાસ રૂા.૮૩૫૨૫/— ના ખર્ચે નિર્મિત થયેલ છે. સદર પ્રકલ્પ રૂા.૧૬૦.૩૭ લાખના ખર્ચે સાકારિત થયેલ છે. જેમાં કેન્દ્ર સરકારનો હિસ્સો રૂા.૮૦.૧૮ લાખ, રાજય સરકારશ્રીનો હિસ્સો રૂા.૩૨.૦૭ લાખ તેમજ સુરત મહાનગરપાલિકા તથા લાભાર્થીનો હિસ્સો રૂા.૪૮.૧૧ લાખ છે. જવાહલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન—શહેરી ગરીબો માટેની પાયાની સુવિધાની યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા રૂા.૫૬૦.૪૧ કરોડની પ્રોજેકટ કોષ્ટ વાળા ૭(સાત) પ્રોજેકટોને આ યોજના હેઠળ મંજુર કરવામાં આવેલ છે. આ અંતર્ગત ૪૨૧૫૬ આવાસો મંજુર કરાવવામાં આવેલ છે. સદર પ્રોજેકટો શહેરના જુદાં જુદાં વિસ્તારોમાં આવેલા છે. આ આવાસો મુખ્યત્વે પુરમાં અસરગ્રસ્ત ઝુંપડાઓ, રસ્તામાં તથા શહેરના વિકાસમાં નડતરૂપ ઝુંપડપટ્ટીઓના ઝુંપડાવાસીઓને ફાળવવામાં આવશે. જેના લીધે સુરત શહેરમાં પ્રતિ વર્ષ આવતા પુરની સામે નદી કાંઠા તથા ખાડી કાંઠાના ઝુંપડપટ્ટીઓના નાગરિકોના જાનમાલના નુકસાનની સમસ્યા હલ થશે. ઉપરાંત શહેરના વિકાસ કામોમા નડતરરૂપ ઝુંપડાઓ દુર થતા શહેરનો વધુ વિકાસ શકય બનશે તથા પર્યાવરણમાં સુધારો થશે. તદઉપરાંત શહેરી ગરીબોનું જીવન ધોરણ ઉચું આવશે.





જહાંગીરપુરા ખાતે સુએઝ પંપીંગ સ્ટેશન ઉદઘાટીત થતા આ પંપીગ સ્ટેશનની ક્ષમતા ૨૨.૬૦ એમ. એલ. ડી. તેમજ ૧લાખ ૨ હજારની વસ્તીને (સને ૨૦૩૧), ૩૨૨ હેકટર વિસ્તારને ડ્રેનેજ સુવિધાથી અંદાજે ૧૦.૭૧ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે. રાઈઝીંગ મેઈનની લંબાઈ ૩૮૦૦ રનીંગ મીટર, ગ્રેવીટી લાઈનની લંબાઈ ૩૪૫૦૦ રનીંગ મીટર છે. જેથી આજુ બાજુના વિસ્તારને ડ્રેનેજ સુવિધા પ્રાપ્ત થશે.



આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદ્દસ્યશ્રીઓ, કમિશ્નરશ્રી, અધિકારીશ્રીઓ, કર્મચારીગણ તથા વિશાળ સંખ્યામાં વિશાળ જનમેદની ઉપસ્થિત રહયા હતા. આમ સુરત મહાનગરપાલિકાએ આજ રોજ પ્રાથમિક તેમજ ટ્રાફિક સમસ્યા નિવારણ અર્થે શહેરી ગરીબો માટે આવાસો ઉપલબ્ધ કરાવી ભગીરથ કાર્ય પાર પાડેલ છે.

TOP

## નોર્થ ઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ અમરોલી –છાપરાભાઠા તથા ડો.શ્યામા પ્રસાદ મુખર્જી લેક ગાર્ડન સામેના વિસ્તારમાં તા.૦૫/૦૫/૨૦૦૮ ના રોજ દબાણ હટાવ ઝુંબેશ તથા તા.૦૬/૦૫/૦૮ ના રોજ ટી.પી. સ્કીમ નં.–૨૪ (ટૂંકી) તથા મોજે છાપરાભાઠા વિસ્તારમાંથી ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની કામગીરી નીચે મુજબ કરવામાં આવેલ છે.

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ અમરોલી –છાપરાભાઠા તથા ડો.શ્યામા પ્રસાદ મુખર્જી લેક ગાર્ડન સામેના વિસ્તારનાં ટી.પી. રસ્તાઓ પરનાં દબાણો સામે તા.૦૫/૦૫/૦૮ ના રોજ દબાણ હટાવ ઝુંબેશ આદરી સાંજે ૪–૦૦ થી ૮–૩૦ કલાક દરમ્યાન ખાસ દબાણ હટાવ ઝુંબેશ હેઠળ બંધ લારી ૧૯, ખુલ્લી લારી –૪૭, કેરેટ–૧૦, કાંટી –૭૫, ટેબલ–૦૨, ખુરશી–૦૩ મળી કુલ –૧૫૬ દબાણો જપ્ત કરી અત્રેના ગાયત્રીડેપો પર જમા લેવામાં આવેલ છે.

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારનાં ટી.પી. સ્કીમ નં. ૨૪ (ટૂંકી ) નાની બહુચરાજી મંદિર પાસે હયાત ગ્રાઉન્ડ ફ્લોર+ ૧માળ ઉપર બીજો માળ બનાવવાના ઈરાદે શરૂ કરેલ આશરે ૬૦૦ ચો.ફુટ જેટલા માપ વિસ્તારના સ્લેબનું સેન્ટરીંગ –શટરીંગ તથા આર.સી.સી. કોલમો અને ચણતરની દિવાલોનું તા.૦૬/૦૫/૦૮ નાં રોજ બાંધકામ દૂર કરી ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૫૦૦૦–૦૦ (અંકે રૂપિયા પાંચહજાર પૂરા ) વસૂલ લેવામાં આવેલ છે.

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારનાં મોજે છાપરાભાઠા બ્લોક નં.૧૧ શીવ સાગર સોસાયટીનાં સી.ઓ.પી. ભાગમાં દબાણ કરી ગ્રાઉન્ડ ફ્લોર પર બનાવવામાં આવેલ આશરે ૪૦૦ ચો.ફૂટ માપ વિસ્તારનું આ.સી.સી. વાળું ગ્રાઉન્ડ ફ્લોરનું એક ગાળાનું ગેર કાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

TOP

## પુર્વઝોન (વરાછા )દબાણ તેમજ આરોગ્યલક્ષી કામગીરી

**(૧) સરથાણા વિસ્તારમાં સદવિદ્યા સ્કુલનું ત્રીજા માળનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા બાબત.**

પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાના નવા સમાવિષ્ટ સરથાણા વિસ્તારમાં ટી.પી. સ્કીમનં. ૨,૩ માં સુડા ધ્વારા મંજુર કરવામાં આવેલ પ્લાન વિરૂધ્ધ અગાઉ ગ્રાઉન્ડ ફલોર વત્તા બે માળનું બાંધકામ કરવામાં આવેલ હતું જેમાં પ્રથમ તથા બીજા માળે સદવિદ્યા વિદ્યાયલ ચાલે છે. આ વિદ્યાલયના સંચાલકો ધ્વારા ત્રીજા માળનું બિનઅધિકૃત બાંધકામ શરૂ કરવામાં આવતા, પૂર્વઝોન તરફથી શાળાના સંચાલકોને મનાઈ હુકમ તથા શોકાઝ નોટીસ પાઠવવામાં આવેલ, જે અન્વયે ત્રીજા માળનું આશરે ૮૦'×૨૫' માપ વિસ્તારનું બીમ, કોલમ, સ્લેબ તથા ચણતરની દિવાલો સહિતનું કુલ ૨૦૦૦ ચો.ફૂટ બિન અધિકૃત બાંધકામ દુર કરવાનું શરૂ કરવામાં આવેલ જે અન્વયે શાળાના સંચાલકો ધ્વારા લેખિત બાંહેધરી રજુ કરી રૂા.૫૦૦૦/– ડીપોઝીટ પેટે જમા કરાવી દિન –૫માં બાકી અશતઃ બીન અધિકૃત બાંધકામ દુર કરવા લેખિત સંમતિ આપેલ છે.

ઉપરોકત કામગીરી પૂર્વઝોનના દબાણ સ્ટાફની મદદથી પાર પાડવામાં આવેલ છે.

**(૨) પૂર્વઝોન (વરાછા)માં આરોગ્ય ખાતા ધ્વારા સંસ્થાઓ, ખાણીપીણીની લારીઓ, હોટલ/રેસ્ટોરન્ટ, શેરડીના કોલા, પાનના ગલ્લા , ખાદ્ય પદાર્થ વેચતા ફેરિયાઆનું સઘન ચેકીંગ બાબતે.**

નિર્મલ ગુજરાત –નિર્મળ સુરત તથા સ્વસ્થ ગુજરાત–સ્વસ્થ સુરત વર્ષ –૨૦૦૮ અન્વયે પ્રિમોન્શુન ઓપરેશન હેલ્થકેર કામગીરી અન્વયે પૂર્વઝોન (વરાછા) ના ઝોનલ ચીફશ્રીના માર્ગદર્શન હેઠળ વિવિધ વોર્ડ વિસ્તારમાં આરોગ્ય ખાતાના સ્ટાફ મારફતે આજરોજ ભરતનગર, જગદીશનગર, કોહીનુર–સવાણી રોડ, વરાછા મેઈન રોડ, લંબેહનુમાન રોડ, માતાવાડી, ખોડીયારનગર, એ.પી.એમ.સી.માર્કેટ રોડ, હાઈ ટેન્શન રોડ, વિસ્તારોમાં સ્કવોર્ડની કામગીરી અંતર્ગત કુલ–૨૬૮ સંસ્થાઓ, ખાણીપીણીની લારીઓ, હોટલ/રેસ્ટોરન્ટ, શેરડીના કોલા, પાનના ગલ્લા, ખાદ્ય પદાર્થ વેચતા ફેરીયાઓનું સઘન ચેકીંગ કરી આરોગ્યલક્ષી ખામીઓ બાબતે કુલ–૧૨૬ જેટલી નોટીસ બજાવી ૨૨૦ જેટલા શેરડીના કાચના ગ્લાસ જપ્ત કર્યા, તેમજ ૫૦ કિ.ગા. જેટલી કેરી અને મેંગોં મિલ્કશેકનો નાશ કર્યો. તેમજ ૧૦ કિ.ગા. જેટલું પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી, રૂા.૨૨,૭૨૫.૦૦ (અંકે બાવીસ હજાર સાતસો પચ્ચીસ રૂપિયા ) દંડ વસુલાત કરેલ છે. તેમજ સ્થળ પર લોક જાગૃતિ અભિયાન નું આયોજન કરેલ છે.

વધુમાં રહેણાંક વિસ્તારમાં/ કોમર્શીયલ યુનિટોના અંડરગ્રાઉન્ડ ઓવરહેડ ટાંકાંઓ ચેક કરી કુલ –૩૮૧ જેટલા કોમ્પલેક્ષમાં ટાંકાંઓ સાફ કરવાની નોટીસ આપી અને આરોગ્યલક્ષી સમજ આપવામાં આવી.

TOP